# દલિત ચેતનાનું પ્રતિનિધિત્વ કરતી વાર્તા 'આંધું'

ડૉ. દિલીપ વી. સેનમા
આસીસ્ટન્ટ પ્રોફેસર,
ગુજરાતી વિભાગ
શ્રી સર્વોદય આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, કાંટ, ડીસા

મોહન પરમાર કૃત નકલંક વાર્તા સંગ્રહની દલિત ચેતનાનું પ્રતિનિધિત્વ કરતી "આંધું" વાર્તામાં દલિત ચેતનાનું સુંદર વર્ણન થયું છે. આ વાર્તા મોહન પરમાર ની નોંધપાત્ર વાર્તા છે. આ વાર્તા જેટલી કલાત્મક છે એટલી જ દલિત ચેતનાને ઉજાગર કરનાર છે. ગ્રામીણ સામાજિક માનવતાભરી છબી ઊભી કરતી આ વાર્તામાં ભોળા નું પાત્ર કેન્દ્રમાં છે.

નકલંક સંગ્રહની આ 'આંધું' વાર્તા દલિત પરિવેશ ને આલેખે છે. વાર્તામાં દલિત - અદલિત વર્ગ વચ્ચેના ભેદભાવ અને સંવાદ-વિસંવાદ વર્ણવાયો છે. માનવ મનોભાવ આ વાર્તામાં કેન્દ્ર સ્થાને છે. જેમાં આંધી અને વાવાઝોડા વચ્ચે ભયગ્રસ્ત થયેલા નાયકની મનઃસ્થિતિનું કલાત્મક આલેખન થયું છે.

નાયકના મુખે કહેવાયેલી આ વાર્તા માં હટાણું કરવા નીકળેલા ભોળીદાનું મનોગત પ્રત્યક્ષ થયું છે. સ્ટેશનથી પાછા ફરતી વખતે આંધી ઉઠે છે ને ભોળીદા પટેલ આ આંધીમાં ફસાય છે ને શના સેનમાની ઊંટગાડીને આશરે આંધીથી બચે છે, એટલી કથા છે. 'આંધું'માં પવનના તોફાનનું વર્ણન જુઓ, વાર્તાકારે કેટલી માવજતથી આંધીના આ વાતાવરણને ભોળીદાની મનઃશારીરિક સ્થિતિ માટે પ્રતિકાત્મક બનાવી ઉપયોગમાં લીધું છે, તે સ્પષ્ટ થશે.

"પરથમી પર વાદળાની ઝાંય પડતી તિ. મન થયુ કઅ પરથમી ચ્યમ મેલીદાટ દેખાય છઅ? ધૂળ હામું જોયું તો ધૂળેય મેલીદાટ. કઅ પછઅ કાંક કઉતુક થ્યું છઅ! ઉ કાંઈ વધારે વચારું તે પે'લાં હુહવાટા મારતો વાયરો મારા બે પગ વચાલે થઈ નઅ ભાગી જ્યો . ધોતીયું રામાપીરની ધજા પેઠે હવામાં ફડફડ થવા માંડ્યું ...... મી વગડામાં નજર નાખી. વગડો ધુળમાં રમતો 'તો ખેતરોમાં આભનો રોંય દેખાતો નો'તો. જોણી આ પરથમી પર ઉ એકલો જ ના હોઉ ! મનઅ તો બીક લાજી. મી ડોટ દીધી પણ હામી દશમાં દોડાયું જ નઈ જાણી મારી છાતી જ ચિરાઈ જઈ. એ ભોળા ચ્યમ આમ રાંક થઈ જ્યો?કુદરત આગળ ચેવો હેંચકા લેવા માંડ્યો?" (મોહન પરમાર ની વાર્તા સૃષ્ટિ પૃષ્ઠ -૮૭)

શનો અને ભોળીદા એક હલકી વરણમાંય ઉતરતો અને બીજો સવર્ણ જાતિનો- આ વર્ગભેદ આ વાર્તામાં કેન્દ્રસ્થાને છે. શનો ભયભીત થયેલા ભોળીદા પટેલને પોતાની ઊંટગાડીમાં બેસાડી આંધી વચ્ચેથી સલામત લેતો આવે છે તો પણ, સમાજના ઊંચા વર્ણના ભોળીદા પટેલની રૂઢિવાદી મનોદશા પ્રગટ થઈ જાય છે જુઓ:

"આ સેનમું ચ્યમ આટલું બધું ફાટી જ્યું છઅ. ઊંટગાડી વાળું થઈ જ્યું ઈમઅ તોર કરવા માંડ્યું. બે પાંચ વરહ મોર તો મારા સે તરમાં જ વાઢવા આવતું'તું , ભૂલી જ્યું બધું" (મોહન પરમારની વાર્તા સૃષ્ટિ પૃષ્ઠ ૮૦) શના સેનમા અને ભોળીદા પટેલ વચ્ચે બનેલી એક જૂની ઘટના જેમાં ભોળીદાએ ઊંટના પાલા માટે લીમડો પાડતા શનાને બરાબરનો રગરગાયો 'તો લીમડો પાડ્યો હતો તે ગાડીમાંથી નીચે નખાઈ દીધો હતો એ દિવસે શાનો ભાગ્યો હતો એ વાત યાદ કરતાં ભોળીદા પટેલને શંકા પડે છે: શનો એ જૂની વાત યાદ કરીને બદલો લેવા માટે તો ખોટા રસ્તે નહીં લઈ જતો હોય ને? આ વિચારે ભોળીદા વધારે ફફડી ઊઠે છે ભોળીદા આરંભથી જ ભયભીત છે શનો આજે બદલો લેશે જ. ભોળીદાને જૂની વાતો યાદ આવે છે: 'તે દાડે કો'કની આગળ લવેલો: ભોળાનઅ ચકેડી ભમૈડીનો કરું તો મારું નામ શનો નઈ આજ મને ચકેડી ભમૈડી કરવાનો ઈનો લાગ છઅ,આ અજાણ્યા નેળયા માં ઈમનમ મનઅ લઈનઅ નથી નોશ્યો હોં (એજન પૃષ્ઠ ૯૧)

તો સામે શનોય ભોળીદાને એ વાત યાદ કરાવે છે કે "ભોળાભૈ ! પેલું યાદ છે તમને ! ચિયું ભૈ તમારા સેતરમાંથી ઊંટ હારું મી લેમડો પાડ્યો 'તો એ? (એજન પૃષ્ઠ ૯૦) અને છતાં શના ની માનવતા કહો કે બદલો વળી ગયાની ભાવના કહો, વાર્તાના અંતે જતાં તે કહે છે: 'રસ્તામાં ઝાડ આડા પડેલાં છે ભોળીદાને આંધીનો તો ભય હતો જ, સાથે આ શનાનોય ભય પેઠો છે. પણ અંતે શનો ભોળીદાને કહે છે, 'આંધુ મરી જ્યું છઅ હવ કશો ભો નથી, બેહી જાઓ લારીમાં '. (એજન પૃષ્ઠ ૯૫)

આ વાર્તામાં આંધાનું નિરૂપણ પ્રતિકાત્મક છે તે વાર્તાનું મુખ્ય પાત્ર ભોળીદા પટેલના મનમાં ચાલતા ચકરાવાને પણ ઈંગિત કરે છે ભોળીદા પટેલના પાત્રમાં રહેલો ભય પ્રથમ પુરુષ એક વચનના કથન કેન્દ્રથી સતત પ્રગટ થતો રહે છે.

આ વાર્તામાં શનો નીચલી જાતિનો છે છતાં પણ પોતાની માનવતાને ગરવાઇ બતાવે છે. જે માણસે પોતાનું એક સમયે અપમાન કરેલું એવા ભોળીદાને આપત્તિના સમયે મદદરૂપ થાય છે અહીં, આ વાર્તામાં સર્જકે દલિત-સવર્ણ વચ્ચેના સંબંધને સુપેરે ઉપસાવ્યા છે. ગ્રામ્ય સમાજમાં દલિતો વિશેના સવર્ણ સમાજના મનમાં પ્રવર્તતા ખ્યાલો ભોળીદાના પાત્ર દ્વારા લેખકે અહીં ઉજાગર કર્યા છે પણ એ બધાથી પર એવા પરમ માનવીય ગુણો સાથેના શના જેવા દલિતો પણ આ જગતમાં હોય છે તે વિસંવાદ આ વાર્તામાં સુપેરે છતો થાય છે.

**સંદર્ભગ્રંથ**

૧.નકલંક - મોહન પરમાર